# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, SIDBI તથા ECGC ના સંયુકત ઉપક્રમે "SIDBI અને ECGC ની વિવિધ યોજનાઓ'' ની જાણકારી અંગે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, SIDBI તથા ECGC ના સંયુકત ઉપક્રમે "SIDBI અને ECGC ની વિવિધ યોજનાઓ" ની જાણકારી અંગે સેમીનારનું આયોજન તા.૧૧–૦૭–૨૦૨૫, શુક્રવારના રોજ કરવામાં આવેલ. જેમાં પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી રાજકોટ ચેમ્બર દ્વારા અવાર-નવાર વિવિધ પોલીસીઓ-સ્કીમો ઉપર નિઃશુલ્ક અવરનેશ સેમીનારો યોજવામાં આવે છે. રાજકોટ–સૌરાષ્ટ્રના ઉધોગોનો વધુ વિકાસ થાય તે માટે રાજકોટ ચેમ્બર હંમેશા અગ્રેસર રહે છે. ત્યારે વેપાર–ઉધોગકારોને કોઈપણ પ્રશ્નો-સુચનો હોય તો મોકલી આપવા. વિકાસીત દેશ કે વિકસીત રાજયમાં ઉધોગોને વિકસાવવા ખુબ જ જરૂરી છે. ખાસ કરીને નિકાસને વધુ વેગ મળે તે માટે ECGC ની વિવિધ સ્કિમો ખુબ જ ઉપયોગી બની રહેશે. સાથો સાથ ઉધોગોના વિકાસ માટે SIDBI ની પણ વિવિધ યોજનાઓ પણ ખુબ જ મહત્વપુર્ણ યોગદાન આપી રહયું છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિકાસીત ભારત અને ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમીને સાર્થક કરવા હંમેશા અગ્રેસર રહીશું.

SIDBI ના જનરલ મેનેજરશ્રી રીશી પાંડેએ જણાવેલ કે, ભારતભરમાં ગુજરાતના ઉધોગોનું ખુબ જ મહત્વ છે અને રાજકોટ સૌરાષ્ટ્રનું મુખ્ય મથક ગણાય છે. જેમાં ખાસ કરીને ફાઉન્ડ્રી અને ફોર્જીંગ ઉધોગો સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. MSME ને સપોર્ટ આપવા માટે SIDBI ની રચના કરવામાં આવેલ છે. આમ SIDBI ની વિવિધ સ્કિમોનો ખાસ લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ. ત્યારબાદ ECGC ના બ્રાન્ચ મેનેજરશ્રી બિજેન્દ્ર ત્રિપાઠીએ ECGC પોલીસી લેવાથી નિકાસકારોને ઘણો ફાયદો થશે અને નિકાસકારો વિના સંકોચે નિકાસ કરી શકશે. આમ ECGC ની વીમા પોલીસીઓ અને ઓનલાઈન સર્વિસનો લાભ લેવા જણાવેલ.

ECGC ના મેનેજરશ્રી અતુલ કુમારએ જણાવેલ કે, ECGC એ મુળભુત રીતે નિકાસને પ્રોત્સાહન આપતી સંસ્થા છે. જે દેશના નિકાસકારોને ક્રેડિટ વીમા કવર પુરા પાડીને તેમની સ્પર્ધાત્મકતા સુધારવાનો પ્રયાસ કરે છે. જેમાં ખાસ કરીને નિકાસ કરવામાં રહેલ જોખમ, ECGC નું મહત્વ, વિવિધ પોલીસીઓ જેવી કે, SCR, SEC, ETP, SSP, SBE, Stock Holding Agent, Global Entity, પોલીસીઓમાં શું કવર થશે અને શું ન કવર થશે, પેમેન્ટ ટર્મ્સ, આ વીમા કવરમાં તમામ દેશોનો સમાવેશ, વીમાનો કલેઈમ કેવી રીતે કરવો, RBI Regularization રીકવરી, ઓવરડયુ,ઓનલાઈન પોર્ટલ વગેરે અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ.

SIDBI ની ટીમ દ્વારા જણાવવામાં આવેલ કે, SIDBI એ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉધોગ (MSME) સેકટરને પ્રોત્સાહન, ધિરાણ અને વિકાસ માટે કાર્ય કરી રહયુ છે. જેની વિવિધ સ્કિમો જેવી કે, Digital MSME Credit, Express, Speed, Direct Credit, Sthapan, Swift, Working Capital, મહિલા ઉધોગ સાહસિકો માટે Arjana, Saath, Ubharte Sitare, પ્રિવીલેજ કસ્ટમર સ્કિમ, એનર્જી ઈફીસીયન્સી, ગ્રીન ફાઈનાન્સ, MSME ગીફટ સ્કિમ અને જીએસટી સહાય જેવા મુદાઓ પર પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ. ત્યાર બાદ ઉપસ્થિત સભ્યો દ્વારા પુછાયેલ પ્રશ્નોના સંતોષકારક પ્રત્યુતર આપવામાં આવેલ.

સમગ્ર સેમીનારનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ અને આભાર વ્યકત SIDBI ના ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી ટીએસ સર્વનનએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.